ગાંધીનગર, સમાચાર. પાના. નં. - ૦૯.
તારીખ. ૨૨/૧૧/૨૦૨૫.

# ગાંધીનગરમાં ઈ-બસ સેવા શરૂ થવાની તૈયારી

**મેટ્રો અને આંતરિક વિસ્તારોને મળશે કનેક્ટિવિટી : શહેરના મહત્વના સ્થળો વચ્ચે દર દસ મિનિટે બસ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવાશે**

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના લોકલ ટ્રાન્સપોર્ટેશનંમાં એક મોટો બદલાવ આવવા જઈ રહ્યો છે. કેન્દ્ર સરકારની પીએમ ઈ-બસ યોજના હેઠળ ગાંધીનગરને ૧૦૦ જેટલી ઈ-બસોની ફાળવણી કરવામાં આવી છે. આ બસો ટૂંક સમયમાં કોર્પોરેશનને સોંપવામાં આવશે. જેનાથી શહેરની પરિવહન વ્યવસ્થાને નવો વેગ મળશે.

**રૂટ અને સંચાલનનું માળખું તૈયાર**

મહાનગરપાલિકા દ્વારા હાલમાં આ ઈ-બસોના સંચાલન અને રૂટનું સમગ્ર માળખું તૈયાર કરવાની કવાયત ચાલી રહી છે. મહત્તમ નાગરિકોને સિટી બસનો લાભ મળે તે માટે સેક્ટરોના આંતરિક રસ્તાઓ અને નવા વિકસિત ટીપી વિસ્તારોને આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ ઈ-બસ પ્રોજેક્ટના સંચાલન માટે મહાનગરપાલિકા દ્વારા એક સ્પેશિયલ પર્પઝ વ્હીકલની રચના કરવામાં આવી છે. અત્યાર સુધી સિટી બસોનું સંચાલન ખાનગી કંપની કોન્ટ્રાક્ટ દ્વારા થતું હતું, પરંતુ હવે સંપૂર્ણ સંચાલન મહાનગરપાલિકા પોતે એસપીવી દ્વારા કરશે. કનેક્ટિવિટી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. ગાંધીનગરમાં લોકલ ટ્રાન્સપોર્ટેશનની લાંબા સમયથી ઉણપ વર્તાય છે, જેના કારણે નાગરિકોએ આંતરિક વિસ્તારોમાં મોંઘા રીક્ષા ભાડા પર આધાર રાખવો પડે છે. મેટ્રો સેવા શરૂ થઈ હોવા છતાં, મેટ્રો સ્ટેશન સુધીની કનેક્ટિવિટી ન હોવાથી નાગરિકોને મુશ્કેલી પડે છે.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા સ્ટ્રેટેજીક રીતે રૂટ નક્કી કરશે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ગૌરાંગ વ્યાસના જણાવ્યા અનુસાર રૂટ એવી રીતે નિયત કરવામાં આવશે કે કર્મચારીઓ, સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ અને વેપારીઓને ઘરની નજીક જ બસ મળી શકે અને તેઓ વધુને વધુ લોકલ ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરે. દર ૧૦ મિનિટે બસ અને આધુનિક બસ સ્ટેન્ડ કાર્યરત રહેશે.

યોજના મુજબ શહેરના મહત્વના સ્થળો વચ્ચે દર દસ મિનિટે બસ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આ સાથે યોગ્ય બેઠક વ્યવસ્થા અને યુનિક ડિઝાઈન સાથેના નવા બસ સ્ટેન્ડ પણ તૈયાર કરવામાં આવશે. આ નવી વ્યવસ્થામાં મેટ્રો સ્ટેશન, રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ ઉપરાંત સચિવાલય સહિતની સરકારી કચેરીઓ અને પ્રવાસન સ્થળો સાથે સરળ કનેક્ટિવિટી મળી રહે તેના પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આગામી સમયમાં રૂટ નક્કી કરવા માટે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે.